# પિતૃપક્ષ

સિદ્ધયોગ પથ પર એક પરંપરા જેનું આપણે પાલન કરીએ છીએ, તે છે પિતૃપક્ષ. જેનો અર્થ છે ''પિતૃઓ કે પૂર્વજોને સમર્પિત પખવાડિયું.'' બે અઠવાડિયાનો આ સમયગાળો ભારતીય પંચાંગની ચંદ્રતિથિ પ્રમાણે આસો મહિનામાં આવે છે, જે ગ્રિગૉરિઅન કૅલેન્ડર પ્રમાણે સપ્ટેમ્બરમાં અથવા ઓક્ટોબર મહિનાની શરૂઆતમાં આવે છે. આ પરંપરાનો સ્રોત ભારતના પ્રાચીનતમ ગ્રંથ ઋગ્વેદમાં જોવા મળે છે. પિતૃપક્ષનો ઉલ્લેખ શાસ્ત્રોમાં, ખાસ કરીને પુરાણો[1]માં એક એવા શક્તિપૂરિત પર્વ તરીકે કરવામાં આવ્યો છે, જ્યારે આપણે તે બધાં પ્રત્યે સન્માન અને આભાર વ્યક્ત કરીએ છીએ, જેઓ આપણી પહેલાં આવીને આપણા માટે એક માર્ગનું નિર્માણ કરી ગયા છે, એટલે કે આપણા સદ્ગત સગાં-સંબંધીઓ, મિત્રો, શુભેચ્છકો અને અસંખ્ય આત્માઓ જેમણે આપણા જીવનમાં કૃપા, જ્ઞાન, સંરક્ષણ અને પ્રેમ પ્રદાન કર્યા છે.

વૈદિક પરંપરા અનુસાર, ''પિતૃ કે પૂર્વજ'' શબ્દમાં પિતૃકુળ અને માતૃકુળના સદ્ગત સગાં-સંબંધીઓની ત્રણ પેઢીઓનો સમાવેશ છે, એટલે કે આપણા માતાપિતા, દાદા-દાદી, નાના-નાની, પરદાદા-પરદાદી અને પરનાના-પરનાની. તેમાં સદ્ગત પતિ અથવા પત્ની, બાળકો, ભાઈબહેન, કાકા-કાકી, ફોઈ, મામા-માસી, સાસુ-સસરા અને બીજા સગા-સંબંધીઓનો પણ સમાવેશ છે. પિતૃપક્ષ દરમ્યાન, તમે આ દુનિયામાંથી ચિરવિદાય લઈ ચૂકેલાં મિત્રો, પડોશીઓ, શિક્ષકો, માર્ગદર્શકો અને પ્રિય પ્રાણીઓનું પણ સન્માન કરી શકો છો.

ગરુડ પુરાણ અનુસાર, જે વ્યક્તિ પોતાના પિતૃઓની પૂજા કરે છે તે દીર્ઘ-આયુષ્ય, સંતાન-સુખ, સ્વર્ગ, યશ, સ્વાસ્થ્ય, બળ-બુદ્ધિ, સૌભાગ્ય, સુખ, સમૃદ્ધિ અને ધન-ધાન્ય પ્રાપ્ત કરે છે.[૨] વિષ્ણુ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે જે વ્યક્તિ શ્રદ્ધા-ભક્તિથી પોતાના પિતૃઓ માટે શ્રાદ્ધકર્મ કરે છે તે આખા જગતને પ્રસન્ન કરી દે છે.[૩]

પિતૃપક્ષનું અનુષ્ઠાન કરવું એ પ્રકૃતિના પરિબળો સાથે આપણું સાંમજસ્ય સ્થાપવાની એક રીત છે. આપણામાંથી જે લોકો આ જગતમાં જીવે છે અને જે પરલોક ગમન કરી ચૂક્યાં છે, તે બધાં એ જ દિવ્ય ચિતિ-શક્તિનો ભાગ છે જે આ સૃષ્ટિનો આધાર છે. તેથી જ, આ સંસારમાં પ્રાર્થનાઓ અને શુભેચ્છાઓનું આદાન-પ્રદાન આપણા જીવનમાં અને જે આપણી પહેલાં આ દુનિયામાં રહી ગયા છે, તેમનાં જીવનમાં માંગલ્ય લાવે છે.

પિતૃપક્ષનું પાલન કરીને, વ્યક્તિ તેના આધ્યાત્મિક અભ્યાસોના પુણ્યને, આશીર્વાદના રૂપમાં સદ્ગત આત્માઓને પ્રદાન કરે છે. તેમના માટે કરવામાં આવેલી પૂજાથી પ્રસન્ન થઈને પિતૃઓ બદલામાં તેમની આવનારી પેઢીને અને મિત્રોને પોતાના આશીર્વાદ પ્રદાન કરે છે.

## કરવાં યોગ્ય કાર્યો

પરંપરાગત રૂપે, પિતૃપક્ષ દરમ્યાન આપણા પૂર્વજોને આધ્યાત્મિક અભ્યાસો જેવા કે ધ્યાન, નામસંકીર્તન, મંત્રજપ અને પ્રાર્થનાઓ અર્પિત કરવામાં આવે છે. આપણા સદ્‌ગત પિતૃઓ અને મિત્રોને આશીર્વાદો મોકલવાની બીજી એક શક્તિશાળી રીત છે, તેમના માટે શ્રીગુરુગીતાનો પાઠ અર્પિત કરવો.

આપણા પિતૃઓ વતી આપણે એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન જેવી લાભનિરપેક્ષ સંસ્થાઓને દક્ષિણા પણ આપી શકીએ છીએ અથવા કોઈ ધર્માદા સંસ્થામાં અન્ન અથવા વસ્ત્રોનું દાન પણ કરી શકીએ છીએ.

## વર્જિત કાર્યો

એવી સલાહ આપવામાં આવે છે કે આ પંદર દિવસ દરમ્યાન લોકોએ નવી પરિયોજના અથવા કોઈ મુખ્ય કાર્યની શરૂઆત ન કરવી જોઈએ. લાંબી યાત્રાઓ જેવી કે એક મહાદ્વીપથી બીજા મહાદ્વીપ જવું અથવા વિદેશ યાત્રા પણ ન કરવી જોઈએ, પરંતુ નજીકના સ્થાનની હવાઈયાત્રા અથવા મોટરકાર દ્વારા યાત્રા કરી શકાય છે. જો તમને એવું લાગે કે આ સમય દરમ્યાન તમારે યાત્રા કરવી આવશ્યક છે, તો એ ઉચિત છે કે તમે સતર્ક અને સાવધાન રહો તેમજ સંરક્ષણ માટે પ્રાર્થના કરો. પિતૃપક્ષ દરમ્યાન તીર્થયાત્રા અથવા સાધનાની શરૂઆત માટે કરવામાં આવેલી યાત્રાને શુભ માનવામાં આવે છે.

કૃપયા આ નિર્દેશને સૂચનારૂપે માનીને તમારી પરિસ્થિતિ અનુસાર સૌથી ઉચિત યોજના બનાવવી.

---

[૧] પુરાણ, ભારતનો સંસ્કૃત ભાષામાં રચિત ગ્રંથ છે, જેમાં ભગવાનની લીલાઓ અને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનું વર્ણન છે.

[૨] ગરુડ પુરાણ ૧૦.૫.૫૭–૫૯ : સંક્ષિપ્ત ગરુડ પુરણ, ગીતાપ્રેસ, ગોરખપુર, ઉત્તર પ્રદેશ, ભારત.

[૩] વિષ્ણુ પુરાણ ૩.૧૪.૨ : વિષ્ણુ પુરણ, ગીતાપ્રેસ, ગોરખપુર, ઉત્તર પ્રદેશ, ભારત.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.